પ્રકરણ ૪

પોલીસ સંબંધી વિનિયમો

CHAPTER 4

POLICE REGULATIONS

33. સાર્વજનિક જગાઓ વગેરેમાં રાહદારીનું નિયમન કરવા તથા બંદોબસ્ત જાળવવા માટે નિયમો કરવાની સત્તા.

(૧) આ પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી નીચેની તમામ અથવા કોઈ બાબતના સંબંધમાં, કમિશનર અને પેટા-કલમ (૧-કક)માં ઉલ્લેખેલ બાબતો સિવાયની સદરહુ તમામ અથવા કોઈ બાબતના સંબંધમાં, જિલ્લા મેજિસ્ટ્રેટ તેમના પોત પોતાના હવાલામાં હોય તેવા વિસ્તારોમાં અથવા તેના કોઈ ભાગમાં, આ અધિનિયમ સાથે અસંગત ન હોય તેવા વિનિયમો અથવા હુકમો કરી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

(ક) ધક્કા (કી) ઉપર, વાર્ફ ઉપર તથા ઉતારવાની જગા ઉપર તથા રેલવે સ્ટેશનો બહાર ઉતારુઓનો બોજો લઈ જવા સારું કામે લાગવા માટે અરજી કરનારા લોકોને લાઈસન્સ તથા તેમના પર નિયંત્રણ રાખવા માટે અને આ પ્રમાણે કામે લગાડેલી સદરહુ પ્રકારની વ્યક્તિઓની મહેનત બદલ તેમને આપવાની મજુરીનું પ્રમાણ ઠરાવવા માટે તથા તે અમલમાં લાવવા માટે;

(કક) ટેકરીઓ, પર્વતો અથવા એવાં બીજાં સ્થળોએ યાત્રિકો, પ્રવાસીઓ અથવા બીજા મુસાફરોને તથા તેમનો બોજો અથવા માલસામાન લઈ

અવરજવર તથા તેટલી ઊંચાઈએથી તે નિશાની, યુક્તિ અથવા આકૃતિથી એવી અવરજવરને વિક્ષેપ અથવા અવરોધ થવાની શક્યતા ધ્યાનમાં લેતા) કોઈ જમીન, મકાન અથવા બાંધકામ ઉપર ઊંચે ચઢાવવામાં આવ્યા હોય અથવા ઊંચે રાખવામાં આવ્યા હોય તે નિશાની, યુક્તિ અથવા આકૃતિ ઊભી કરવા, પ્રદર્શિત કરવા, અથવા જડવા અથવા રાખવા અંગે લાઈસન્સ આપવા નિયંત્રણ કરવા અથવા તેનો પ્રતિબંધ કરવા બાબત;

(ચ) આ અર્થે જે વિનિયમો પોતાની તરફથી ઠરાવવામાં આવે તેને અનુસરીને હોય તે સિવાય દિવસ દરમિયાન રસ્તા પર થઈને અથવા કેટલાક મુકરર કરેલા રસ્તા ઉપર થઈને ઢોર નહિ લઈ જવાના કલાકો ઠરાવવા બાબત,

(છ) કોઈ હાથી અથવા કોઈ જંગલી અથવા ભયંકર જાનવરને કોઈ રસ્તા પર અથવા રસ્તામાં દોરી લઈ જવા બાબત, હાંકવા બાબત અથવા વાહન વગેરેમાં લઈ જવાનું નિયમન કરવા બાબત;

(જ) ઈમારતી લાકડાં, પાલખના વાંસ, સીડીઓ, લોખંડના થાંભલા, ભારોટિયા અથવા સળિયા, બોઈલરો અથવા બીજી ભારે વસ્તુઓ, મહોલ્લામાંથી કેવી રીતે લઈ જવી તેનું તથા તે ક્યે માર્ગે તથા ક્યે વખતે લઈ જવી તેનું નિયમન કરવા તથા તે કામ ઉપર નિયંત્રણ રાખવા માટે;

(ઝ) બંદૂકનો દારૂ અથવા બીજો કોઈ સ્ફોટક પદાર્થ મહોલ્લામાં તથા સાર્વજનિક જગાઓમાં લઈ જવા માટે લાઈસન્સ આપવા, તે ઉપર નિયંત્રણ રાખવા અથવા તેનાથી પડોશમાં રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકસાન થતું અટકાવવા માટે તે લઈ જવાની મનાઈ કરવા માટે;

(ટ) અમુક નિર્દિષ્ટ કરેલા રસ્તાઓ સિવાય અને નિર્દિષ્ટ કરેલા કલાકો દરમિયાન હોય તે સિવાય અને આ અર્થે તે ઠરાવે તેવા વિનિયમોને અધીન રહીને કોઈ રસ્તામાં ચેપી અથવા ઊડતા રોગવાળી વ્યક્તિઓને અથવા જાનવરોને તથા રોગવાળા મરેલા જાનવરોનાં મુડદાંને અથવા તેના કોઈ ભાગને તથા મરેલી વ્યક્તિઓનાં મુડદાંને ઉઘાડાં રહેવા દેવાની અથવા તેમને લાવવા લઈ જવાની મનાઈ કરવા બાબત;

(ઠ) આ અર્થે તે કરે તેવા નિયમોને અધીન હોય તે સિવાય ચોક્કસ રસ્તામાં ઘરો અથવા ઈમારતોમાંથી બહાર અથવા તે ઘરોમાં અથવા તે ઈમારતોમાં અથવા એવા રસ્તામાં થઈને નરક તથા દુર્ગંધ મારતી વસ્તુ અથવા પદાર્થ ક્યારે લઈ જવા નહિ તે ઠરાવવા બાબત;

(ડ) જાનવરને કતલ કરવાની, જાનવરનાં મુડદાં અથવા ચામડાં સાફ કરવાની, ઉપદ્રવકારક અથવા દુર્ગંધ મારતી વસ્તુઓ મૂકવાની તથા શૌચ જવાની જગાઓ જુદી રાખવા બાબત;

(ઢ) લોકોમાં અથવા જાનવરોમાં રોગચાળો, અથવા ચેપીરોગ શરૂ થયો છે અથવા શરૂ થશે એમ લાગે તે પ્રસંગે એ રોગ નાબુદ કરવાના અથવા તેનો ફેલાવો થતો અટકાવવાના ઈરાદાથી રાજ્ય સરકારે ફરમાવ્યું હોય અથવા ઈચ્છયું હોય તે પ્રમાણે જગાનો ભોગવટો કરનારે અથવા રહેવાસીઓને તે જગા વગેરે સ્વચ્છ રાખવા બાબત તથા તેમાંથી રોગબીજનો નાશ કરવા બાબત અને એવા રોગચાળા અથવા જેમને એવો રોગ થયો છે એમ દેખાતું હોય તેવાઓને અથવા જાનવરોને એકમેકથી છૂટા રાખવા તથા તેમની વ્યવસ્થા કરવા બાબત;

(ત) પાણીનું કોઈ સ્થળ, સાધન કે જગા સદંતર અથવા ચોક્કસ હેતુ માટે બંધ કરવાનું અથવા તેનો વપરાશ નહિ કરવાનું અથવા ચોક્કસ હેતુ માટે જ તેનો વપરાશ કરવાનું ફરમાવવા બાબત અને એવા સ્થળનો, સાધનનો કે જગાનો અથવા તેમાંના પાણીનો બગાડ ન થાય તે સારૂ જોગવાઈ કરવા બાબત;

(થ) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક જગાઓમાં વાજિંત્ર વગાડવા માટે, દાંડી પીટવા માટે, ટોમટોમ અથવા બીજા એવાં સાધનો વગાડવા માટે અને ભુંગળા અથવા ઘોંઘાટ કરે તેવાં બીજા સાધનો વગાડવા માટે અથવા અવાજ કરવા માટે લાઈસન્સ આપવા, તે ઉપર નિયંત્રણ રાખવા અથવા તેની પાડોશમાંના રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકસાન થતું અટકાવવા માટે તે કામ કરવાની મના કરવા માટે;

(દ) રસ્તા ઉપર અથવા રસ્તા ઉપર થઈને મંડળી અને સરઘસોમાંની વ્યક્તિઓને વર્તણૂંક અને વર્તન અથવા કૃત્યનું નિયમન કરવા બાબત અને સરઘસના કિસ્સામાં સરઘસ કયે માર્ગેથી કયા ક્રમમાં અને કયે સમયે પસાર કરવું તે ઠરાવવા બાબત;

(ધ) રાહદારીને અથવા સારૂ અજવાળું તથા હવા મોકળેથી આવવા જવાને અડચણ પડે તેવી રીતે કોઈપણ રસ્તામાં અથવા રસ્તાના ભાગમાં આડું કોઈપણ દોરડું અથવા કાંઠી ટાંગવાની અથવા મૂકવાની અથવા આગળ પડતું આવે એવું કામ અથવા બીજું કાંઈપણ બાંધકામ કરવાની મના કરવા બાબત;

(ન) કોઈપણ રસ્તામાં અથવા સાર્વજનિક જગામાં ઈમારતને લગતો સામાન અથવા બીજી ચીજો મૂકવા બાબત અથવા ઘોડો અથવા બીજું જાનવર બાંધવા અથવા રાખવા બાબત તે જે વાજબી નિયમો કરે તેને અનુસરીને વર્તે તે સિવાય તે કામની મના કરવા બાબત;

(પ) નીચેના કામ માટે,

(૧) મહોલ્લાઓ તથા સાર્વજનિક જગાઓમાં તથા તેમના સીમાડા ઉપર આવેલી ઈમારતોના આગલા ભાગમાં બત્તી મૂકવાને યોગ્ય રીતે અધિકાર આપેલા સરકારના નોકરો અથવા મ્યુનિસિપલ અધિકારીઓ સિવાય બીજી વ્યક્તિઓને બત્તી મૂકવા માટે,

(૨) રસ્તાઓ અથવા સાર્વજનિક જગાઓમાં અથવા તેની પાસે સુરંગ મુકીને ખડકો ફોડવા માટે અથવા ખોદકામ કરવા માટે;

(૩) કોઈપણ સાર્વજનિક જગામાં અથવા તેની પાસે અથવા કોઈપણ સાર્વજનિક ગમ્મતની જગામાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા માટે;

લાઈસન્સ આપવા, તે ઉપર નિયંત્રણ રાખવા, અથવા તેની પડોશમાંના રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકસાન થતું અટકાવવા માટે તે કામ કરવાની મના કરવા સારૂં;

(ફ) ભાંગેલી-તૂટેલી ઈમારતોથી અથવા બીજા કારણથી થતા ભયને પ્રસંગે ચોક્કસ રસ્તા અથવા જગા, પોતાને વાજબી દેખાય એવી બાબતનો અપવાદ રાખીને, થોડા વખત સુધી બંધ રાખવા બાબત;

(બ) જે ઈમારતો, પ્લેટફોર્મ તથા બીજું બાંધકામ બાંધતા, તેની મરામત કરતા તથા તેને પાડી નાખતાં રસ્તે જનાર લોકોને, પડોશીઓને અથવા લોકોને ભય ઉત્પન્ન થાય તે ઈમારતો, પ્લેટફોર્મ તથા બીજું બાંધકામ

બાંધતી વખતે, તેની મરામત કરતી વખતે તથા પાડી નાંખતી વખતે લોકોના જાનમાલને નુકસાન ન થાય તે વિષે બંદોબસ્ત રાખવા બાબત;

(ભ) આ અર્થે જે વાજબી નિયમ પોતાના તરફથી ઠરાવવામાં આવે તેને અનુસરીને હોય તે સિવાય, કોઈ રસ્તામાં અથવા ઈમારતમાં અથવા તે ઉપર અથવા તેનાથી પચાસ ફૂટની અંદર કોઈપણ ઘાસ અથવા બીજી વસ્તુમાં દેવતા મૂકવાની અથવા તે બાળવાની અથવા અગ્નિ સળગાવવાની અથવા અવિચારીપણે અગન્યસ્ત્ર મૂકવાની અથવા બંદૂકના ખાલી બાર કરવાની અથવા આતશબાજી સળગાવીને, નાંખવાની અથવા આતશબાજીનું બલૂન અથવા રોકેટ સળગાવી ઉડાડવાની અથવા રોશની કરવા સારૂ ફાનસો અથવા બીજી કોઈ યુક્તિથી કરેલી વસ્તુ થાંભલામાં અથવા બીજી ચીજમાં ઘાલીને તે થાંભલા અથવા ચીજ કોઈ રસ્તાની બાજુએ અથવા આડા દાટીને ઊભી કરવાની મના કરવા બાબત;

(મ) શબની વ્યવસ્થા કરવાની કોઈ જગા, કોઈ ધર્મશાળા, ગામના દરવાજા અથવા લોકોને આવજા કરવાની બીજી જગાનો ફાયદા ભરેલો તથા સગવડ ભરેલો ઉપયોગ સર્વને સરખી તથા યોગ્ય રીતે મળે તે માટે અને ત્યાં આવજા કરનારા લોકોમાં યોગ્ય બંદોબસ્ત રહે તે માટે તેનો ઉપયોગ કયે વખતે અને કઈ રીતે કરવો તે વખતનું અને તે રીતનું નિયમન કરવા બાબત;

(ય) (૧) જાહેર આનંદપ્રમોદની અથવા ખાનપાનની જગાનું લાઈસન્સ આપવા માટે અથવા તે ઉપર નિયંત્રણ મૂકવા માટે;

(૨) જાહેર આનંદપ્રમોદની અથવા ખાનપાનની અથવા એકઠા થવાની જગાની પડોશમાં રહેનારાઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય, અથવા નુકસાન થતું અટકાવવા સારૂ તો જગાઓ રાખવાની મનાઈ કરવા બાબત;

(૩) જાહેર ગમ્મતની અથવા ખાનપાનની અથવા એકઠા થવાની જગા દાખલ થવાના અને બહાર નીકળવાના માર્ગોનું નિયમન કરવા બાબત, તથા તે ઠેકાણે સલામતી જાળવવાની અને અશાંતિ અટકાવવાની જોગવાઈ કરવા બાબત;

(ય-ક)(૧) નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અપવાદો રાખીને મેળા અને તમાશાઓ સહિતની સાર્વજનિક વિનોદ માટેના સંગીતના,

નૃત્યના, નકલ કરવાના અથવા નાટ્યાભિનયના અથવા બીજા કાર્યક્રમોનું લાઈસન્સ આપવા અથવા નિયમન કરવા માટે;

(૨) તેવા કાર્યક્રમોના કલાકારોને કામે રાખવા અને તે કલાકારો તથા તેમના પ્રેક્ષકોના વર્તનનું સાર્વજનિક વ્યવસ્થા, શિષ્ટતા અથવા નીતિના અથવા જાહેર જનતાના હિતમાં નિયમન કરવા માટે,

(૩) રાજ્ય સરકારે નીમેલા બોર્ડ દ્વારા અથવા આ અર્થે કમિશનરે અથવા જિલ્લા મેજિસ્ટ્રેટે નીમેલી સલાહકાર સમિતિ દ્વારા તેવા કાર્યક્રમોની અગાઉથી તપાસ કરવા માટે,

(૪) કયા સમયે અને કેવાં સ્થળોએ આવા કાર્યક્રમો યોજવા જોઈએ તેનું નિયમન કરવા માટે;

(૨) સાર્વજનિક આનંદપ્રમોદની જગ્યામાં દાખલ થવાની ગમે તે નામે ઓળખાતી ટિકીટ અથવા તેવા પાસના વેચાણનું નિયમન કરવા અથવા મનાઈ કરવા બાબત,

(૨-ક) વીશી રાખવા માટે, આ અધિનિયમ હેઠળ જરૂરી અને મેળવેલી લેખિત પરવાનગી ગણાય તેવું રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર દરેક કિસ્સામાં આપવા સહિત, વીશીઓનું રજિસ્ટ્રેશન દશ વર્ષ સુધી કરવા બાબત અને ઠરાવેલી મુદતની અંદર આવું રજિસ્ટ્રેશન દશવર્ષીય તાજું કરવા માટે;

(લ) આ અધિનિયમ મુજબ જે કોઈપણ લાઈસન્સ પરવાનગી અથવા રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર લેવાનું હોય અથવા જોઈતું હોય તે માટે અરજી કરવાની રીત ઠરાવવા અને એવા કોઈ લાઈસન્સ, પરવાનગી અથવા રજિસ્ટ્રેસન પ્રમાણપત્ર માટે લેવાની ફી નક્કી કરવા :

પરંતુ આ કલમમાંના કોઈ ઠરાવ ઉપરથી તથા તે કલમ મુજબ કરેલા કોઈપણ નિયમ પ્રમાણે આપેલા લાઈસન્સ ઉપરથી, અથવા રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રથી કોઈપણ વ્યક્તિને જે કાંઈ દારૂ અથવા કેફી પદાર્થો માટે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫મો) મુજબ અથવા આબકારી મહેસૂલ સંબંધી અથવા દારૂ બનાવવા, તે વેચવા અને તેના વપરાશ ઉપર પ્રતિબંધ મૂકવાનો તે સમયે અમલમાં હોય એવા કોઈ બીજા કાયદા મુજબ લાઈસન્સ, પરવાનગી પાસ અથવા અધિકારપત્ર લેવો

પડે, તે દારૂ અથવા કેફી પદાર્થો આયાત કરવાનો, મોકલવાનો, એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનો, તૈયાર કરવાનો, વેચવાનો, અથવા કબજામાં રાખવાનો અધિકાર પ્રાપ્ત થશે એમ સમજવું નહિ, અથવા એવા કોઈ કાયદા મુજબ કોઈપણ વ્યક્તિની પાત્રતાને બાધ આવે છે અથવા શસ્ત્ર અધિનિયમ, ૧૮૭૮ (સન ૧૮૭૮નો ૧૧મો) અથવા સ્ફોટક પદાર્થ અધિનિયમ, ૧૮૮૪ (સન ૧૮૭૮નો ૪થો)અથવા એમાંના કોઈ કાયદા મુજબ કરેલા કોઈ નિયમોના ઠરાવોને અથવા તે મુજબ કોઈપણ વ્યક્તિની પાત્રતાને કોઈ રીતે બાધ આવે છે એમ સમજવું નહિ :

વધુમાં આ પેટા-કલમ મુજબ કરેલા નિયમો અથવા હુકમો મુજબ લીધેલું કોઈપણ પગલું અથવા આવા નિયમો અથવા હુકમો મુજબ લાઈસન્સ અથવા રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવાનું રાજ્ય સરકારના નિયંત્રણ અને દેખરેખને અધીન રહેશે.

(૧-કક) જિલ્લા સુપરિન્ટેન્ડન્ટ, પોતાના હવાલામાંના વિસ્તારોમાં અથવા તેના કોઈ ભાગમાં, પેટા-કલમ (૧)ના ખંડ (લ) સાથે વાંચવામાં આવતા ખંડો (ઘ), (ઘ ખ), (ચ) અને (જ)માં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા કોઈ બાબતના સંબંધમાં, આ અધિનિયમ સાથે અસંગત ન હોય તેવા નિયમો અથવા હુકમો કરી શકશે, તેમાં ફેરફાર કરી શકાશે અથવા તે રદ કરી શકાશે.

પરંતુ સદરહુ ખંડોમાં નિર્દિષ્ટ કરેલી કોઈ બાબત માટે પેટા-કલમ (૧) હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટે કરેલા હોય અને મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૮નો ગુજરાતનો ૧૬મો) ના આરંભની તરત પહેલાં કોઈ વિસ્તારમાં અમલમાં હોય તેવા નિયમો અને હુકમો યોગ્ય સત્તાધારી ફેરવે અથવા રદ કરે અથવા સુધારે નહિ ત્યાં સુધી જિલ્લા સુપરિન્ટેન્ડન્ટે, આ પેટા-કલમ હેઠળ કર્યા હોય તેમ, તેમાં અમલમાં ચાલુ રહેશે.

(૧ક) પેટા-કલમ (૧)ના ખંડો (ય), (ય-ક), (૨) અને (૨-ક) મુજબ નિયમો અથવા હુકમો કરવાની સત્તા ગુજરાત રાજ્યના સંબંધમાં ફક્ત પ્રથમ તબક્કે અમલમાં આવશે, પણ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને એવો પ્રબંધ કરી શકશે કે તે ખંડો પૈકી કોઈપણ અથવા સઘળા ખંડો મુજબની આવી સત્તા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી રાજ્યના બીજા કોઈ વિસ્તારમાં પણ અમલમાં આવશે.

(૨) (૧) પેટા-કલમ (૧) ના ખંડો (ક), (કક), (ખ) અને (ગ) મુજબ નિયમો કરવાની, તેમાં ફેરફાર કરવાની અથવા રદ કરવાની સત્તા રાજ્ય સરકારના નિયંત્રણને અધીન રહેશે.

(૨) પેટા-કલમ (૧)ના બાકીના ખંડો મુજબ નિયમો કરવાની, તેમાં ફેરફાર કરવાની, અથવા રદ કરવાની સત્તા તે સરકારની અગાઉની મંજૂરીને અધીન રહેશે.

(૩) શબની વ્યવસ્થા કરવાની કોઈપણ જગાના વપરાશ સંબંધી પેટા-કલમ (૧)ના ખંડ (ટ) મુજબ કરવાનો દરેક નિયમ સામાન્ય તથા સ્થાપિત થયેલ રિવાજ અને વ્યક્તિગત કિસ્સાઓમાં શબની વ્યવસ્થા જલદી કરવાની જરૂરિયાત યોગ્ય રીતે લક્ષમાં રાખીને કરવો જોઈએ.

(૪) પેટા-કલમ (૧)ના ખંડ (૨)થી મળેલી સત્તા મુજબ બહાર પાડવામાં આવેલો દરેક નિયમ કમિશનરના ચાર્જ હેઠળ ન હોય તેવા કોઈ ક્ષેત્રને લગતો હોય તો રાજ્ય સરકાર આ અર્થે નીમે તેવા સત્તાધિકારીને અને રાજ્ય સરકારને તરત તેની જાણ કરવી.

(૫) આ કલમ મુજબ કરેલો અથવા બહાર પાડેલો કોઈપણ નિયમ અથવા હુકમ કોઈ મ્યુનિસિપલ અથવા સ્થાનિક સંસ્થાના લત્તાની જાહેર તંદુરસ્તી, સગવડ અથવા સલામતીને લગતા કોઈ કાયદા, નિયમ અથવા પેટા-કાયદામાં જોગવાઈ કરેલી બાબતને લગતો હોય તો આવો નિયમ અથવા હુકમ યથાપ્રસંગ, મ્યુનિસિપલ અથવા સ્થાનિક સંસ્થાના આવા કાયદા, નિયમ અથવા પેટા-કાયદાને અધીન રહેશે.

(૬) આ કલમ મુજબ નિયમો કરવાની, બદલવાની અથવા રદ કરવાની સત્તા પ્રથમ પ્રસિદ્ધ કર્યા પછી જ નિયમો કરવા, બદલવા અથવા રદ કરવા એ શરતને અધીન રહેશે અને આ કલમ મુજબ કરેલો દરેક નિયમ અથવા બદલેલો અથવા રદ કરેલો દરેક નિયમ, રાજપત્રમાં અને તે ઉપરથી બાધ આવેલા લત્તામાં ખાસ કરીને એ નિયમ જે ઈમારત, રચના, બાંધકામ અથવા જગાને લગતો હોય તો તે ઈમારત, રચના બાંધકામ અથવા જગા પાસે પ્રસિદ્ધ જગ્યાએ તેની નકલો ચોડીને અથવા દાંડી પીટીને, સદરહુ નિયમ જાહેર કરીને અથવા નિયમ કરનાર, બદલનાર અથવા રદ કરનાર અધિકારીને યોગ્ય લાગે તેવા સ્થાનિક છાપામાં અંગ્રેજીના અથવા સ્થાનિક ભાષામાં સદરહુ નિયમની જાહેરખબર આપીને અથવા તેને યોગ્ય લાગે તે રીતે આ સાધનોમાંના બે અથવા વધારે સાધનોથી અથવા બીજા કોઈપણ સાધનોથી પ્રસિદ્ધ કરવો :

પરંતુ જો યથાપ્રસંગ, કમિશનર, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા સુપરિન્ટેન્ડન્ટને એમ ખાતરી થાય કે, એવા સંજોગો ઊભા થયા છે કે એવા નિયમો અથવા તેમાં કરેલા ફેરફારો અથવા તે રદ કરવાનું તરત અમલમાં લાવવું જરૂરી છે, તો અગાઉથી પ્રસિદ્ધ કર્યા સિવાય એવો કોઈ નિયમ કરી શકાશે, તેમાં ફેરફાર કરી શકાશે અથવા તે રદ કરી શકાશે.

(૭) આ કલમમાં ઉપર ગમે તે મજકૂર હોય તે છતાં અથવા આ કલમ મુજબ કરેલા કોઈપણ નિયમમાં ગમે તે લખવામાં આવે તે છતાં, જેની ખરાબ ચાલવાળી કુખ્યાત વ્યક્તિને સાર્વજનિક આનંદપ્રમોદની અથવા ખાનપાનની કોઈ જગા રાખવાની મના કરવાનું અથવા યથાપ્રસંગ, કોઈ વીશી માટે રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવાની ના પાડવાનું અથવા તે રાખવા મનાઈ કરવાનું અથવા તે રાખવાનું સારું લાઈસન્સ આપવાની ના કહેવાનું લાયકાત ધરાવતા અધિકારીને માટે હંમેશા કાયદેસર ગણાશે.

(૮) ઉપર કહ્યા પ્રમાણે યોગ્ય રીતે કરેલો હુકમ અમલમાં હોય ત્યાં સુધી તે પ્રમાણે ચાલવાને લાગતાવળગતા સર્વની ફરજ છે.

33. Power to make rules or regulation of traffic and for preservation of order in public place, etc.

(l) The Commissioner with respect to all or any of the following matters specified in this sub-section, and the District Magistrate with respect to all or any of the said matters except the matters referred to in sub¬section (1AA), may make, alter or rescind rules or orders not inconsistent with this Act, in areas under their respective charges or any pari thereof. namely:

(a) licensing and controlling persons offering themselves for employment at quays, wharves and landing places, and outside Railway stations, for the carriage of passengers', baggages and fixing and providing for the enforcement of a scale of charges for the labour of such persons so employed;

(aa) licensing and controlling persons offering themselves for employment at hills, mountains or such other places for carrying pilgrims, tourists or other passengers and their baggages, or goods on such hills, mountains or places, and fixing and providing for the enforcement of a scale of charges for the labour of such persons so employed:

(b) regulating traffic of all kinds in streets and public places, and the use of streets and public places by persons riding, driving, cycling, walking or leading or accompanying

cattle, so as to prevent danger, obstruction or inconvenience to the public;

(c) regulating the conditions under which vehicles may remain standing in streets and public places, and the use of streets as halting places for vehicles or cattle;

(d) prescribing the number and position of lights to be used on vehicles in streets and the hours between which such lights shall be used;

(da) licensing, controlling or prohibiting the display of any pictures, advertisements, news boards or public notices in or in the vicinity of, a street or any public place or upon a vessel or boat in territorial waters or on inland waterways other than national waterways;

Provided that nothing in this clause shall apply to the display of any news board or public notice by or on behalf of a political party, a public institution or a panchayats or municipality or municipal corporation or other local authority constituted under any law for the time being in force.

(db) licensing, controlling or prohibiting the erection, exhibition, fixation or retention of any sign, device or representation for the purpose of advertisement, which is visible against the sky from some point in any street and is hoisted or held aloft over any land, building or structure at such heights as (regard being had to the traffic in the vicinity, and the likelihood of such sign, device or representation at that height being a distraction or causing obstruction to such traffic) may be specified in the rule or order;

(e) prescribing certain hours of the day during which cattle shall not be driven along the streets, or along certain

specified streets except subject to such regulations as he may prescribed in that behalf;

(f) regulating the leading, driving, conducting or conveying of any elephant or wild or dangerous animal through or in any street;

(g) regulating and controlling the manner and mode of conveying timber, scaffold poles, ladders, iron girders, beams or bars, boilers or other unwieldy articles through the streets, and the route and hours for such conveyance.

(h) licensing, controlling or, in order to prevent the obstruction, inconvenience, annoyance, risk, danger, or damage of the residents or passengers in the vicinity, prohibiting the carrying in streets and public places of gunpowder or any other explosive substance;

(i) prohibiting, except along certain specified streets and during specified hours and subject to such regulations as he may prescribed in that behalf, the exposure of movement in any street of persons if animals suffering from contagious or infectious diseases and the carcasses of animals or part thereof and the corpses of persons deceased;

(j) prescribing certain hours of the day during which orders or offensive matter of objects shall not be taken from or into houses or buildings in certain streets or conveyed through such streets except subject to such rules as he may make in that behalf;

(k) setting apart places for the slaughtering of animals, the cleaning of carcasses or hides, the deposit of noxious or offensive matter and for obeying calls of nature;

(l) in cases of existing or apprehended epidemic or infectious disease of men or animals, the cleanliness and disinfection of premises by the occupier thereof and residents therein

and the segregation and management of the persons or animals diseased or supposed to be diseased, as may have been directed or approved by the State Government with a view to prevent the disease or to check the spreading thereof;

(m) directing the closing or disuse, wholly or for certain purposes, or limiting to certain purposes only the use of any source, supply or receptacle of water and providing against pollution of the same or of the water therein;

(n) licensing, controlling or, in order to prevent the obstruction, inconvenience, annoyance, risk, danger or damage of the residents or passengers in the vicinity, prohibiting the playing of music, the beating of drums, tom-toms or other instruments and the'blowing or sounding of horns or other noisy instruments in or near streets or public places;

(o) regulating the conduct of and behaviour or action of persons constituting assemblies and processions on or along the streets and prescribing in the case of processions the routes by which the order in which and the times at which the same may pass;

(p) prohibiting the hanging or placing of any cord or pole across a street or part thereof, or the making of a projection or structure so as to obstruct traffic or the free access of light and air;

(q) prohibiting, except under such reasonable rules as he may make, the placing of building materials or other articles or the fastening or detention of any horse or other animals in any street or public place;

(r) licensing, controlling, or, in order to prevent obstruction, inconvenience, annoyance, risk, danger or damage of the residents or passengers in the vicinity, prohibiting -

(i) the illumination of streets and public places and the exteriors of building abutting thereon by persons other than servants of Government or Municipal officers duly authorized in that behalf;

(ii) the blasting of rock or making excavations in or near streets or public places;

(iii) the using of a loudspeaker in or near any public places or in any place of public entertainment;

(s) closing certain streets or places temporarily, in cases of danger from ruinous buildings or other cause, with such exceptions as shall appear reasonable;

(t) guarding against injury to person and property in the construction, repair and demolition of buildings, platforms and other structures from which danger may arise to passengers, neighbours or the public;

(u) prohibiting the setting fire to or burning any straw or other matter, or lighting a bonfire or watonly discharging a fire-arm or air-gun, or letting off or throwing a firework or, sending up a fire balloon or rocket in or upon or within fifty feet of a street or building or the putting up of any post or other thing on the side of or across a street for the purpose of affixing thereto lamps or other contrivances for illumination, except subject to such reasonable rules, as he may make in that behalf;

(v) regulating the hours during which and the manner in which any place for the disposal of dead, any dharmashala, village-gate or other place of public resort may be used, so as to secure the equal and appropriate application of its advantages and accommodation and to maintain orderly conduct amongst those who resort thereto;

(w) (i) licensing or controlling places of public amusement or entertainment;

(ii) prohibiting the keeping of places of public amusement or entertainment or assembly, in order to prevent obstruction, inconvenience, annoyance, risk, danger or damage to the residents or passengers in the vicinity;

(iii) regulating the means of entrance and exit at places of pubiic amusement or entertainment or assembly, and providing for the maintenance of public safety and the prevention of disturbance thereat;

(wa) (i) licensing or controlling with such exceptions as may be specified, the musical, dancing, mimetic or theatrical or other performances for the public amusement, including melas and tamashas.

(ii) regulating in the interest of public order, decency or morality or in the interest of the general public, the employment of artists and the conduct of the artists and the audience at such performances;

(iii) prior scrutiny of such performance by a Board appointed by the State Government or by an Advisory Committee appointed by the Commissioner, or the District Magistrate in this behalf;

(iv) regulating the hours during which and the places at which such performances may be given;

(x) regulating or prohibiting the sale of any ticket or pass for admission, by whatever name called, to a place of public amusement;

(xa) registration of eating hguse, including granting a certificate of registration in each case, which shall be deemed to

be"a written permission required and obtained under this Act for keeping the eating house for ten years and decennial renewal of such registration, within a prescribed period;

(y) prescribing the procedure in accordance with which any licence, permission or certificate of registration sought to be obtained or required under this Act should be applied for and fixing the fees to be charged for any such licence or, permission or certificate of registration:

Provided that nothing in this section and no licence or certificate of registration granted under any rule, made thereunder shall authorise any person to import, export, transport, manufacture, sell or possess any liquor, or intoxicating drug, in respect of which a licence,' permit, pass or authorisation is required under the Gujarat Prohibition Act, 1949 (Born. .25 of 1949) or under any other law for the time being in force relating to the Abkari, or to the Prohibition of the manufacture, sale and consumption of liquor or shall affect the liability of any person under any such law or shall in any way affect the provisions of the Arms Act, 1878 (XI of 1878), or of the Explosives Act, 1884 (IV of 1884), or of rules made under either of those enactments or the liability of any person thereunder:

Provided further that any action under the rules or orders made under this sub¬section or the grant of a licence or certificate of registration made under such rules or orders shall be subject to the control and supervision of the State Government.

(lAA) A District Superintendent may, in areas under his charge or any part thereof, make, alter or rescind rules or orders not inconsistent with this Act, with respect to all or any of the matters specified in clauses (d), (db), (e) and (g) read with clause (y) of sub-section (1):

Provided that the rules and orders made by a District Magistrate under subsection (1) for any of the matters specified in the said clauses and in force in any area immediately before the commencement of the

Bombay Police (Gujarat Amendment) Act, 1977 (Gujarat 16 of 1978), shall continue in force therein as if made by the District Superintendent under this sub-section, until altered or repealed or amended by a competent authority.

(1A) The power to make rules or orders under clauses (w), (wa), (x) and (xa) of sub-section (1) shall in the first instance have effect only in relation to the State of Gujarat; but the State Government may by notification in the Official Gazette provide that such power under any or all of those clauses, shall also have effect from such date as may be specified in the notification, in any other area of the State.

(2) (i) The power of making, altering or rescinding rules under clauses (a), (aa), (b) and (c) of sub-section (1) shall be subject to the control of the State Government.

(ii) The power of making, altering or rescinding rules under the remaining clauses of sub-section (1) shall be subject to the previous sanction of that Government.

(3) Every rule made under clause (i) of sub-section (1) with respect to the use of a place for the disposal of the dead shall be framed with due regard to ordinary and established usages and to the necessities of prompt disposal of the dead in individual cases.

(4) Every rule promulgated under the authority of clause (1) of sub-section (1) shall if made in relation to any area which is not under the charge of a Commissioner, be forthwith reported to such authority as the State Government may appoint in this behalf and the State Government.

(5) If any rule or order made or promulgated under this section relates to any matter with respect to which there is a provision in any law, rule or bylaw of any municipal or local authority in relation to the public health, convenience or safety of the locality such rule or order shall be subject to such law, rule or by-law of the municipal or local authority, as the case may be.

(6) The power of making, altering or rescinding rules under this section shall be subject to the condition of the rules being made, altered or rescinded after previous publication and every rule made or alteration or rescission of a rule made under this section shall be published in the *Official Gazette*, and in the locality affected thereby affixing copies thereof in conspicuous places near to the building, structure work or place, as the case may be, to which the same specially relates or by proclaiming the same by the beating of drum or by advertising the same in such local newspapers in English or in the local language, as the authority making, altering or rescinding the rule may deem fit or by any two or more of these means or by any other means it may think suitable:

Provided that any such rules may be made, altered or rescinded without previous publication if the Commissioner, the District Magistrate or as the case may be, the District Superintendent, as the case may be, is satisfied that circumstances exist which renders it necessary that such rules or alterations therein or rescission thereof should be brought into force at once.

(7) Notwithstanding anything hereinbefore contained in this section or which may be contained in any rule made thereunder, it shall always be lawful for the competent authority to refuse a licence for, or to prohibit the keeping of any place of public amusement or entertainment or to refuse a certificate of registration for, or to prohibit the keeping of, any eating house, as the case may be, by a person of notoriously bad character.

(8) It shall be the duty of all persons concerned to conform to any order duly made as aforesaid so long as the same shall be in operation.